JUDGEMENT
e-Criminal Case No. 5724 Of 2025

GJAH280052812025	Case e-Filed on : 18-04-2025 Registered on : 24-04-2025 Decided on : 23-03-2026 Duration : 00-11-05 Year-Month-Day

IN THE COURT OF
ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE,
SARAS N.I. COURT NO. 1. CJM COURTS,
AHMEDABAD CITY
AT AHMEDABAD, AHMEDABAD
(Presided Over by C.G.DESAI)

eCC/5724/2025

Exhibit No. 48

Complainant (Prosecution)	UCO Bank
Through Police Station	-
Address	Relief Road Branch Royal Chamber Ghee Kanta Cross Road Ahmedabad - 380001.

UCO Bank

VERSUS

Accused-1	Comet Infra Projects Private Limited
Address	A-1301 Mondeal Heights, Besides Novotel Hotel, Sarkhej Gandhinagar Highway, Ahmedabad-380015.
Accused-2	Shaival Sunil Parikh
Age	35
Occupation	Business

Address	20, Pravinkunj Navjivan, Kalyan Society. Mthakhali, Ellisbridge Ahmedabad-380006.
Accused-3	Shail Rahulbhai Shah
Age	27
Occupation	Business
Address	9, Tirth Bunglows, Near Suraj Party Plot,Vasna, Ahmedabad-380007

Advocate for Complainant : Mr. L. M. Patel, Mr. Tejas Butala.
Advocate for Accused : Mr. A. S. Jain, Mr. V.A.Aghara.

Offence punishable under :
Section 138, 141 of negotiable instruments act, 1881,

FORM- A

SARAS N.I. Court No.1, CJM Courts, Ahmedabad City Presided Over by Mr.C.G.Desai Date of Judgement :- 23/03/2026 eCriminal Case No. 5724/2025 Details of FIR/Crime and Police Station	
Complainant	UCO Bank Through its Authorized Person Mr. Ashish Baheti - Chief Manager.
Represented by	Advocate: Mr. L.M. Patel, Mr. Tejas Butala.
Accused	1) Comet Infra Projects Private Limited, 2) Shaival Sunil Parikh, 3) Shail Rahulbhai Shah.
Represenrted by	Advocate: Mr. A.S.Jain, Mr. V.A.Aghara.

FORM- B

Date of Offence	18-02-2025
Date of FIR	N.A.
Date of Chargesheet	N.A.
Date of Farming of Charge	15-07-2025
Date of commencement of evidence	30-07-2025
Date on which judgement is reserved	20-03-2026
Date of Judgement	20-03-2026
Date of the Sentencing Order, if any	23-03-2026

Rank of Accused	1 to 3
Name of Accused	1) Comet Infra Projects Private Limited, 2) Shaival Sunil Parikh, 3) Shail Rahulbhai Shah.
Date of Areest	N.A.
Date of Relese on Bail	N.A.
Offence charge with	Section 138, 141 of the Negotiable Instruments Act, 1881
Whether Acquitted or Convicted	Convicted
Sentence Imposed	2 Years Simple Imprisonment
Period of Detention Undergone during Trial for purpose of Section 428 CrPC.	NIL

FORM- C

List of Prosecution/Defence/Court Wirenesses

A. Prosecution

Rank	Name	Nature of

		Evidence
PW 1	Ashish Baheti - Chief Manager, UCO Bank	Oral Evidence

B. Defence Witness, if any:

Rank	Name	Nature of Evidence
DW 1	NIL	NIL

C. Court Witness if any:

Rank	Name	Nature of Evidence
CW 1	NIL	NIL

List of Prosecution/Defence/Court Exhibits
A. Prosecution:

Sr No.	**Exhibit Number**	**Description**
1.	Exhibit-15	Copy of Authority letter.
2.	Exhibit-16	Copy of Loan Agreement for Term Loan.
3.	Exhibit-17	Copy of Promissory Note.
4.	Exhibit-18	Loan Account Statements of the accused.
5.	Exhibit-19	Copy of Demand Notice issued under section 13(2) of SARFAESI Act.
6.	Exhibit-20	Original Cheque issued by accused to the complainant.
7.	Exhibit-21	Original Return memo.
8.	Exhibit-22	Copy of statutory Notice issued by the Advocate for the complainant by Registered A.D.
9.	Exhibit-23	Copy of the Notice issued by the

		Advocate for the complainant by E-mail.
10.	Exhibit-24	Original 3 Postal Receipts Issued By The Postal Department For Sending Notice By Registered Post A.D.
11.	Exhibit-25	Copy of online tracking reports of the Postal Department.

B. Defence:

Sr No.	**Exhibit Number**	**Description**
1.	D-1	NIL

C. Court Exhibits:

Sr No.	**Exhibit Number**	**Description**
1.	Exhibit C-1/ CW1	NIL

D. Material Objects:

Sr No.	**Exhibit Number**	**Description**
1.	MO 1	NIL

// JUDGEMENT //
(Delivered on 23-03-2026)

- **કાયદાનો હેતુ :–**

(૧) આર્થિક લેણદેણ સંબંધોના હક્કો અને જવાબદારીઓ દીવાની કાયદાઓ દ્વારા અમલમાં છે. ભારતીય બંધારણમાં કાયદા ઘડનારી સર્વોચ્ચ સંસ્થા એ સંસદ છે. કેન્દ્રની સત્તામાં આવતી કાયદો ઘડવાની હકુમતમાં તમામ કાયદાઓ સંસદ દ્વારા ઘડવામાં આવે છે. હાલના કેસમાં લાગુ પડતો

કાયદો એટલે કે વટાવખત અધિનિયમ એ કેન્દ્રની હકુમતમાં પડતો કાયદો છે અને તે સંસદ દ્વારા ઘડવામાં આવેલો છે. સદરહુ કાયદામાં સુધારો કરી પ્રકરણ–૧૭ નો સમાવેશ કરવામાં આવેલો છે. સદરહુ પ્રકરણ કુલ–૧૦ (દસ) કલમોનું બનેલું છે. તે કલમો કલમ–૧૩૮ થી કલમ–૧૪૭ છે. કલમ–૧૩૮ દ્વારા સદર દીવાની વ્યવહારોને ગુન્હાનું સ્વરૂપ આપવામાં આવેલ છે. તે પાછળનો મુખ્ય ઉદ્દેશ (૧) વાણિજ્યમાં ચેકની સ્વીકૃતિ વધારવા માટે, (૨) ચેકને ચલણી નાણાંની સ્વીકૃતિ જેટલો ઉંચો દરજ્જો આપવા માટે અને (૩) ચેકની સામાન્ય સ્વીકૃતિ દ્વારા વાણિજ્યનો વિકાસ.

<u>(૨)</u> સદરહુ વટાવખત અધિનિયમ જે ઉદ્દેશ્યોને લઈને ઘડવામાં આવેલ છે તે વાણિજ્યમાં ચેકની સ્વીકૃતિ વધારવા માટેનો છે. વધુમાં આ કાયદો ઘડવામાં ઉદ્દેશ્ય વાણિજ્ય વ્યવહારને મજબુત બનાવવા માટેનો છે. ઉપરોક્ત ઉદ્દેશ્યોને બર લાવવા માટે અને ચેકની સ્વીકૃતિ સર્વ સામાન્ય બનાવવા માટે આ પ્રકરણો કાયદામાં ઉમેરો કરવામાં આવેલ છે. સદરહુ કામમાં પક્ષકારો વચ્ચે નાણાંની લેવડ દેવડ વધારવા અથવા બીજા વ્યવહાર માટે કરવામાં આવેલ છે અને નાણાંની અવેજમાં અથવા તો નાણાંની ચુકવણી ચેક ધ્વારા કરવામાં આવેલ છે.

<u>(૩)</u> સદરહુ કામે થયેલ વ્યવહાર અને તેમાં આપવામાં આવેલ ચેક કલમ–૧૩૮ ના પરીપ્રેક્ષ્યમાં પડે છે કે કેમ ? પક્ષકારો દ્વારા તેમના ઉપર નાખવામાં આવેલ કાયદાકીય પુરાવો આપવાનું ભારણ તેઓએ સફળતાપૂર્વક બજાવેલ છે કે કેમ ? (ખાસ કરીને કલમ–૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈઓ પ્રમાણે) અને બીજા કાયદાકીય તેમજ હકીકતના પ્રશ્નો આ કામે ઉપસ્થિત થાય છે તે તમામને વિશ્લેસાત્મક અને ઊંડાણપૂર્વક છણાવટ કરવાની રહે છે.

ફરીયાદ બાબતે આગળ ચર્ચા કરતા અગાઉ સદર કાયદાનો પ્રાસ્તાવિક ભાગ ધ્યાને લેવો આવશ્યક છે :–

" To enhance the acceptability of

cheque in settlement of liabilities by making drawer liable for penalties in case of bouncing of cheque due to insufficient arrangements made by the drawer, with adequate safeguards to prevent harassment of honest drawers, the negotiable instruments law (Amendment) Act, 1988 is being introduced. "

- **ફરિયાદીની ટૂંકમાં હકીકત:–**

(૪) ફરિયાદીની હાલની ફરિયાદ અંગે મુખ્ય હકીકત એવી છે કે, ફરિયાદી બેન્ક એ પબ્લિક સેક્ટર બેન્ક છે અને તેની હેડ ઓફિસ કોલકતા ખાતે આવેલી છે તેમજ તેની બ્રાંચ ઓફિસ અમદાવાદ ખાતે આવેલી છે. વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી બેન્ક બેન્કિંગ લોન આપવાનું તેમજ એડવાન્સ અને ક્રેડીટ ફેસેલીટી પૂરી પાડવાની કામગીરી સાથે સંકળાયેલ છે. વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, શ્રી આશિષ બહેતી એ ફરિયાદી બેન્કના ઓર્થોરાઈઝ્ડ વ્યક્તિ છે અને તે હાલની ફરિયાદ અંગેની તમામ હકીકતોથી વાકેફ છે અને તેઓ નામદાર કોર્ટ સમક્ષ જુબાની આપવા માટે પણ સક્ષમ છે.

(૫) વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૧ કંપની છે અને આરોપી નં. ૨ અને ૩ નાઓ આરોપી નં. ૧ કંપનીના ડાયરેક્ટર છે. વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં. ૨ અને ૩ નાઓએ આરોપી નં. ૧ કંપનીના ડાયરેક્ટર તરીકે ઈક્વીપમેન્ટ્સ ખરીદ કરવા માટે ટર્મ લોન ફેસેલીટી મેળવવા ફરિયાદી બેન્કનો સંપર્ક કરેલ અને તેમની વિનંતીના આધારે ફરિયાદી બેન્ક દ્વારા આ કામના આરોપીઓને **રૂા. ૧૬,૮૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા સોળ**

કરોડ એંસી લાખ પુરાની લોન **માર્ચ–૨૦૨૩** માં આપવામાં આવેલ જે અંગે આ કામના આરોપીઓએ **તા. ૨૧/૦૩/૨૦૨૩** ના રોજ લોન એગ્રીમેન્ટ સહિતના દસ્તાવેજો ફરિયાદી બેન્કની તરફેણમાં એક્ઝીક્યુટ કરેલ.

(૬) વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ લીધેલ **ટર્મ લોન ૫૭ માસિક હપ્તામાં** નિયમિત રીતે ચુકવણી કરી પૂર્ણ કરવાની હતી. પરંતુ આ કામના આરોપીઓએ તેમ કરવામાં કસૂર કરતા ફરિયાદી બેન્ક દ્વારા આ કામના આરોપીઓ પાસે તેમની કાયદેસરની લેણી રકમ **રૂા. ૬,૦૭,૬૪,૦૫૮.૨૨ પૈસા અંકે રૂપિયા છ કરોડ સાત લાખ ચોસઠ હજાર અઠ્ઠાવન અને બાવીસ પૈસા** પુરા પરત મેળવવા માટે માંગણી કરતા આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૨ નાઓએ ફરિયાદી બેન્કને નીચે જણાવ્યા મુજબનો ફરિયાદવાળો ચેક આપેલ.

અ.નં.	ચેક નંબર	બેન્ક શાખા	તારીખ	રકમ
૧.	૦૦૦૦૦૧	યુકો બેન્ક, એલિસ બ્રીજ, અમદાવાદ શાખા	૧૮/૦૨/૨૦૨૫	૨,૦૬,૩૧,૫૮૩/-

વધુમાં, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ છે કે, ત્યારબાદ ફરિયાદી બેન્કે ઉપરોક્ત ચેક તેમના ખાતામાં જમા કરાવતા તે ચેક **"Funds Insufficient"** ના શેરા પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદી બેન્કે તે અંગે આરોપીઓને રજિસ્ટર પોસ્ટ એ.ડી. મારફતે નોટિસ આપેલ જે નોટિસ આરોપીઓને બજી ગયેલ હોવા છતાં આ કામના આરોપીઓએ નોટિસમાં જણાવેલ સુચનાઓનો અમલ ન કરતા અને ફરિયાદી બેન્કને ચેકની લેણી રકમ ભરપાઈ ન કરી આપતા ફરિયાદી બેંકે આ કામના આરોપીઓ સામે હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

- **આરોપીને સમન્સની બજવણી તથા ઈન્સાફી કાર્યવાહી :–**

(૭) ફરિયાદીએ હાલની ફરિયાદ અત્રેની કોર્ટમાં દાખલ કર્યા બાદ ફરિયાદીની હાલની ફરિયાદ અંગે કોન્ગીઝન્સ લઇ ફરિયાદીની ફરિયાદ

રજિસ્ટરે લઈ આ કામના આરોપીઓ સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮, ૧૪૧ અનુસાર પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓ સામેના પ્રોસેસની આરોપીઓને ધારા ધોરણસરની બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીઓને કેસના કાગળોની નકલો વિનામુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ જેમાં આ કામના આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈનકાર કરતા તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં ચલાવવામાં આવેલ છે.

- <u>**આરોપીઓ તથા તેમના વિદ્વાન વકીલ શ્રી ની આ કામે વર્તણુક :-**</u>

<u>(૮)</u> *સબબ કામે કેસનું રેકર્ડ વંચાણે લેતા આરોપીઓની પ્લી નોધ્યા બાદ આ કામના આરોપીઓને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં આરોપીઓ અગર તો તેમના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં ન આવતા તેમનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ આંક-૧૪ થી તેમનો ઉલટતપાસનો હક્ક ઓપન કરવા માટે અરજી આપવામાં આવેલ જે અરજી ન્યાયના વિશાળ હિતમાં મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ અને કોર્ટ સમય પૂર્ણ થતા સબબ કામ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ. તેમ છતાં તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદી ઉલટતપાસ માટે કોર્ટ સમક્ષ હાજર હોવા છતાં આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરીયાદીની ઉલટતપાસ માટે ફરીથી મુદત અરજી આપવામાં આવેલ જે મુદત અરજીમાં જણાવેલ કારણ યોગ્ય અને સંતોષકારક ન જણાતા આરોપીઓ તર્ફે રજુ કરવામાં આવેલ મુદત અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ અને આરોપીઓનો ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ.*

ત્યારબાદ આ કામના આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી એ આંક–૩૦ થી તેમનો ઉલટતપાસનો હક્ક રી–ઓપન કરવા માટે અરજી કરવામાં આવતા આરોપીઓની તે અરજી આરોપીએ હાલની ફરીયાદવાળા ચેકમાં જણાવેલ રકમની ૨૦% રકમ દિન–૭ માં કોર્ટમાં જમા કરાવ્યેથી આરોપીઓનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક રી–ઓપન કરવાનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા આરોપીઓની આંક–૩૦ ની અરજી લગત કરેલ હુકમથી નારાજ થઈ આ કામના આરોપીઓએ નામદાર સીટી સીવીલ અને સેશન્સ કોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ની દાખલ કરેલ અને તે રીવીઝન અરજી નામદાર સેશન્સ કોર્ટે શરતોને આધીન મંજુર કરેલ અને આ કામના આરોપીઓએ રૂ.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરા કોસ્ટ પેટે ફરીયાદીને ચૂકવી આપવાનો અને ફરીયાદીની ઉલટતપાસ દિન–૧૦ માં પૂરી કરવા અને ટ્રાયલ કોર્ટને કેસના ટ્રાયલમાં સંપૂર્ણપણે સહકાર આપવાનો હુકમ કરેલ.

ત્યારબાદ નામદાર સેશન્સ કોર્ટે ક્રીમીનલ રીવીઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ના કામે કરેલ હુકમ અનુસાર આ કામના આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદીની ઉલટતપાસ શરૂ કરેલ અને ત્યારબાદ આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા વધુ ઉલટતપાસ માટે મુદતની માંગણી કરતા સદરહુ કેસનું કામ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદીની વધુ ઉલટતપાસ માટે રાખવામાં આવેલ. પરંતુ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ફરીયાદી ઉલટતપાસ માટે મુદતની માંગણી કરતી અરજી કરેલ. પરંતુ તે મુદત અરજીમાં જણાવેલ કારણ યોગ્ય અને સંતોષકારક ન જણાતા નામદાર કોર્ટ દ્વારા આરોપીઓનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ.

આમ, નામદાર સેશન્સ કોર્ટે ક્રીમીનલ રીવીઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ના કામે આરોપીઓને ટ્રાયલ કોર્ટને કેસના ટ્રાયલમાં સહકાર આપવાનો હુકમ કરેલ હોવા છતાં આરોપીઓએ સદરહુ કેસનુ કામ બીન જરૂરી લંબાવવા માટેના એકમાત્ર હેતુ અને ઉદ્ધેશથી ટ્રાયલ કોર્ટને સદરહુ કેસના ટ્રાયલને આગળ ચલાવવામાં કોઈપણ પ્રકારનો સહકાર આપેલ નથી અને તેમ કરીને આરોપીઓએ નામદાર સેશન્સ કોર્ટના આદેશનું પણ પાલન કરેલ નથી જે બાબત ખુબજ નોધપાત્ર છે જેની આ તબક્કે ગંભીર નોધ લેવી જરૂરી છે.

- **ફરીયાદીએ તેમની હાલની ફરિયાદીના સમર્થનમાં રજૂ કરેલ પુરાવા :–**

(૯) સદર કેસના કામે ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવે છે.

- **મૌખિક પુરાવા:–**

PW- 1	આંક–૩	ફરિયાદી બેન્કના ઓર્થોરાઈઝ્ડ વ્યક્તિ શ્રી આશિષ બહેતી – ચીફ મેનેજર, યુકો બેન્કની સોગંદ ઉપરની જુબાની.

- **દસ્તાવેજી પુરાવા:–**

Exhibit P – 1	આંક–૧૫	ફરિયાદી કંપનીએ આપેલ ઓર્થોરીટી લેટરની નકલ.
Exhibit P – 2	આંક–૧૬	ફરિયાદી કંપનીએ રજૂ કરેલ લોન એગ્રીમેન્ટની નકલ.
Exhibit P – 3	આંક–૧૭	ફરિયાદી કંપનીએ રજૂ કરેલ પ્રોમીસરી નોટની નકલ.
Exhibit P – 4	આંક–૧૮	આરોપીના લોન એકાઉન્ટ ની નકલ.

Exhibit P – 5	આંક–૧૯	સરફેસી એક્ટની કલમ–૧૩(૨) મુજબની નોટિસની નકલ.
Exhibit P – 6	આંક–૨૦	આ કામના આરોપીએ ફરિયાદીને આપેલ ફરિયાદવાળો ચેક અસલ.
Exhibit P - 7	આંક–૨૧	આ કામના આરોપીએ ફરિયાદીને આપેલ ફરિયાદવાળો ચેક રિટર્ન થયા અંગેનો રિટર્ન મેમો.
Exhibit P - 8	આંક–૨૨	ફરિયાદીએ તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે આરોપીને આપેલ સેચ્યુટરી નોટિસની રજિસ્ટર્ડ એ.ડી. ની નકલ.
Exhibit P - 9	આંક–૨૩	આ કામના આરોપીઓને ઈ–મેઈલ મારફતે મોકલાવેલ ડિમાન્ડ નોટિસની નકલ.
Exhibit P - 10	આંક–૨૪	ફરિયાદીએ તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે આરોપીને આપેલ ડિમાન્ડ નોટિસ આરોપીને રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. મારફતે મોકલ્યા અંગેની પોસ્ટની પાવતીઓ અસલ.
Exhibit P - 11	આંક–૨૫	ફરિયાદીએ તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે આરોપીને આપેલ ડિમાન્ડ નોટિસ આરોપીને મળી ગયા અંગે પોસ્ટ ખાતાના ઓનલાઈન ટ્રેકીંગ રિપોર્ટની નકલ.

- **<u>ફરિયાદી તર્ફે પુરવા બંધની પુરસીસ :–</u>**

<u>(૧૦)</u> ફરિયાદપક્ષ તરફથી ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈપણ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો બંધ થયાનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

- **<u>આરોપીએ હાલની ફરિયાદ અંગે તેમના બચાવના સમર્થનમાં રજૂ કરેલ પુરાવા :–</u>**

<u>(૧૧)</u> સદર કેસના કામે આરોપીઓએ ફરિયાદીની હાલની ફરિયાદ અંગે તેમના બચાવમાં કોઈ મૌખિક અગર તો દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી.

- **<u>આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વધારાનુ નિવેદન :–</u>**

<u>(૧૨)</u> ફરિયાદી તરફે પુરાવા બંધની પુરસીસ રજૂ થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓને તેમનું વિશેષ નિવેદન નોધાવવા માટે પુરતી તકો આપવા છતાં આરોપીઓ તેમનું વિશેષ નિવેદન નોંધવવા માટે હાજર ન રહેતા તેમનો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધાવવા માટેનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

<u>(૧૩)</u> ત્યારબાદ પક્ષકારો તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>:: મુદ્દાઓ ::</u>

[૧] શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮, ૧૪૧ મુજબની સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

[૨] શું હુકમ ?

<u>(૧૪)</u> ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

[૧] હકારમાં.

[૨] આખરી હુકમ મુજબ.

- **<u>ફરિયાદી તર્ફે તેમની સમર્થનમાં રજૂ કરેલ દલીલો :–</u>**

<u>(૧૫)</u> ફરિયાદ તરફે વિદ્વાન વકીલ શ્રી નાઓએ **<u>આંક–૪૪</u>** થી તેમની લેખિત દલીલો રજુ કરેલ છે જે લેખિત દલીલો વંચાણે લીધી. ફરીયાદી તર્ફે

વિદ્વાન વાકીલ શ્રી એ તેમની લેખિત દલીલોમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ વિગતો અને હકીકતોનું પુનરાવર્તન કરેલ છે તેમજ આ કામે ફરીયાદીએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરેલ છે અને ફરિયાદીએ તેમનો કેસ તેમના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોઈ અને આરોપી દ્વારા ફરિયાદીએ રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું ખંડન કરેલ ન હોઈ તેમજ તેનુ ખંડન કરતો કોઈ પુરાવો આ કામે રજૂ કરેલ ન હોઈ કે તેને પુરવાર કરેલ ન હોઈ જેથી આરોપીઓને કાયદામાં ઠરાવેલ સખતમાં સખત સજા તથા દંડ કરવા રજૂઆત કરેલ છે. ફરીયાદી તર્ફે વિદ્વાન વકીલ શ્રી એ તેમની લેખિત દલીલોના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે :–

1) 2018 Supreme Court of India T.P. Murugan (dead) the. Lrs. v/s Bojan.

2) 2019 Supreme Court of India Rohitbhai Jivanlal Patel V/s State Of Gujarat.

3) 2003 Supreme Court Of India Goaplast (P) Ltd. V/s Chico Ursula D'Souza & Anr.

4) 2010 Supreme Court Of India Rangappa V/s Mohan.

5) 2005 Gujarat High Court4 Girishbhai Natvarbhai Patel V/s State Of Gujarat.

6) 2011 Supreme Court Of India R. Vijayan V/s Baby & Anr.

7) 2001 Supreme Court Of India K. N. BEENA V/s MUNIYAPPAN

8) 2001 Supeme Court Of India HETEN P DALA V/s BRATINDRANTH BANERJEE.

ફરીયાદીના વિદ્વાન વકીલ શ્રી એ તેમની લેખિત દલીલોના

સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત જે ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે તેની નકલ લેખિત દલીલો સાથે રજુ કરેલ નથી. તેમ છતાં ઉપરોક્ત તમામ ચુકાદાઓ હું માનસહ વાંચી ગયેલ છું અને તેમાં પ્રસ્થાપિત કરેળ સિધ્ધાંત સાથે હું સંપૂર્ણપણે સંમત થાઉં છું અને તે હાલના કેસના કામે ફરીયાદપક્ષને મદદરૂપ પણ થાય છે.

- **<u>બચાવપક્ષ દ્બારા તેમના બચાવના સમર્થનમાં રજૂ કરેલ દલીલો:-</u>**

<u>(૧૬)</u> આરોપીઓ તર્ફે વિદ્વાન વકીલશ્રીને તેમની દલીલો રજૂ કરવા માટે તક આપવા છતાં તેમની દલીલો રજૂ ન કરતા તેમની દલીલો રજૂ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

<u>-:: નિર્ણય માટેના કારણો ::-</u>

<u>(૧૭)</u> સદરહુ કેસના કામે પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ પુરાવાની છણાવટ કરતા પહેલા અહી એ નોધવું જરૂરી છે સદરહુ કેસના કામે આરોપીઓની પ્લી નોઘ્યા બાદ આ કામના આરોપીઓએ ફરીયાદીની બાકી નીકળતી લેણી રકમ પેટે ફરિયાદીને કુલ **<u>રૂ।.૧૦,૦૦,૦૦૧/- અંકે રૂપિયા દસ લાખ એક</u>** પુરા ફરીયાદી બેંકને ચૂકવી આપેલ છે અને તે હકીકત ફરીયાદીએ કોર્ટ સમક્ષ પુરસીસથી જાહેર કરેલ છે.

<u>(૧૮)</u> સદરહુ કેસના કામે પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ પુરાવાની છણાવટ કરતા પહેલા તેમજ મુદ્દા નં.૧ અંગે ચર્ચા કરતા પહેલા ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુંમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ-૧૩૮, ૧૪૧ માં કરવામાં આવેલ જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે :-

- **<u>Section-138:-</u>**

<u>Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. —</u>

Where any cheque drawn by a person on an account

maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is *insufficient to honour the cheque or that it exceeds the amount arranged* to be paid from that account by an agreement made with that bank, <u>*such person shall be deemed to have committed an offence*</u> and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended totwo years', or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the paymentof the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.— *For the purposes of this section, "debt of other liability" means a legally enforceable debt or other liability*.

- **<u>Section-141:-</u>**

141. Offences by companies.—

(*1***)** If the person committing an offence under section 138 is a company, every person who, at the time the offence was committed, was in charge of, and was responsible to, the company for the conduct of the business of the company, as well as the company, shall be deemed to be guilty of the offence and shall be liable to be proceeded against and punished accordingly:

Provided that nothing contained in this sub-section shall render any person liable to punishment if he proves that the offence was committed without his knowledge, or that he had

exercised all due diligence to prevent the commission of such offence:

Provided further that where a person is nominated as a Director of a company by virtue of his holding any office or employment in the Central Government or State Government or a financial corporation owned or controlled by the Central Government or the State Government, as the case may be, he shall not be liable for prosecution under this Chapter.
(*2*) Notwithstanding anything contained in sub-section (*1*), where any offence under this Act has been committed by a company and it is proved that the offence has been committed with the consent or connivance of, or is attributable to, any neglect on the part of, any director, manager, secretary or other officer of the company, such director, manager, secretary or other officer shall also be deemed to be guilty of that offence and shall be liable to be proceeded against and punished accordingly.
Explanation.—For the purposes of this section, —
(*a*) "company" means any body corporate and includes a firm or other association of individuals; and
(*b*) "director", in relation to a firm, means a partner in the firm**.**

(૧૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા તેના મુખ્ય અગર તો આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે:–

- **ધી, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્ત્વો:–**

[૧] વાદવાળો ચેક સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તિને ચુકવણી કરવા માટે આપેલ હોય,

[૨] જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ/છ મહિનાની મુદ્દત અથવા તેવી કાયદેસરની મુદ્દત એ બેમાંથી જે વહેલી આવતી હોય તેટલી મુદ્દતની અંદર બેન્કમાં ચેક રજૂ કરવામાં આવ્યો હોય,

[૩] પ્રસંગ પ્રમાણે ચેક લખનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિતમાં નોટિસ આપીને નાણાની સદરહુ રકમ ચુકવણી કરવા માટે માંગણી કરી હોય, અને

[૪] તેવી નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણા લેનાર અથવા જેતે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

[૫] ફરિયાદનું કારણ ઉદભવ્યા બાદ એક માસની અંદર ચેક લેનાર અથવા તેના ધારકે ફરિયાદ કરવી પડે.

(૨૦) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે *Rajesh Jain Vs. Ajay Singh 2023 (0) AIJEL-SC 72588* ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે :–

નામદાર સર્વોચ્ચ અદાલતે *Rajesh Jain Vs. Ajay Singh 2023 (0) AIJEL-SC 72588* ના કેસમાં ઠરાવેલ છે કે,

> " **Burden of Proof and Presumptions: Conceptual Underpinnings**
> **29.** There are two senses in which the phrase burden of proof is used in the Indian Evidence Act, 1872 (Evidence Act, hereinafter). One is the burden of proof

arising as a matter of pleading and the other is the one which deals with the question as to who has first to prove a particular fact. The former is called the legal burden and it never shifts, the latter is called the evidential burden and it shifts from one side to the other. [See Kundanlal v. Custodian Evacuee Property (AIR 1961 SC 1316]

30. The legal burden is the burden of proof which remains constant throughout a trial. It is the burden of establishing the facts and contentions which will support a party's case. If, at the conclusion of the trial a party has failed to establish these to the appropriate standards, he would lose to stand. The incidence of the burden is usually clear from the pleadings and usually, it is incumbent on the plaintiff or complainant to prove what he pleaded or contends. On the other hand, the evidential burden may shift from one party to another as the trial progresses according to the balance of evidence given at any particular stage; the burden rests upon the party who would fail if no evidence at all, or no further evidence, as the case may be is adduced by either side (See Halsbury's Laws of England, 4th Edition para 13). While the former, the legal burden arising on the pleadings is mentioned in Section 101 of the Evidence Act, the latter, the evidential burden, is referred to in Section 102 thereof. [G.Vasu V. Syed Yaseen (AIR 1987 AP139 affirmed in Bharat Barrel Vs. Amin Chand [(1999) 3 SCC 35]]

31. Presumption, on the other hand, literally means " taking as true without examination or proof ". In Kumar Exports v. Sharma Exports, (2009) 2 SCC 513 this Court referred to presumption as " devices by use of which courts are enabled and entitled to

pronounce on an issue notwithstanding that there is no evidence of insufficient evidence.."

Section 139 NI Act-Effect of Presumption and Shifting of Onus of Proof

34. The NI Act provides for two presumptions: Section 118 and Section 139. Section 118 of the Act inter alia directs that it shall be presumed, until the contrary is proved, that every negotiable instrument was made or drawn for consideration. Section 139 of the Act stipulates that 'unless the contrary is proved, it shall be presumed, that the holder of the cheque received the cheque, for the discharge of, whole or part of any debt or liability'. It will be seen that the 'presumed fact' directly relates to one of the crucial ingredients necessary to sustain a conviction under Section 138.

35. Section 139 of the NI Act, which takes the form of a shall presume clause is illustrative of a presumption of law. Because Section 139 requires that the Court shall presume the fact stated therein, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established.But this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary as is clear from the use of the phrase unless the contrary is proved.

36. The Court will necessarily presume that the cheque had been issued towards discharge of a legally enforceable debt/liability in two circumstances. Firstly, when the drawer of the cheque admits issuance/execution of the cheque and secondly, in the event where the complainant proves that cheque was issued/executed in

his favour by the drawer. The circumstances set out above form the fact(s) which bring about the activation of the presumptive clause. [Bharat Barrel Vs. Amin Chand] [(1999) 3 SCC 35]

37. Recently, this Court has gone to the extent of holding that presumption takes effect even in a situation where the accused contends that 'a blank cheque leaf was voluntarily signed and handed over by him to the complainant. [Bir Singh v. Mukesh Kumar, (2019) 4 SCC 197]. Therefore, mere admission of the drawer's signature, without admitting the execution of the entire contents in the cheque, is now sufficient to trigger the presumption.

38. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a cheque, was issued by the accused for discharge of debt, the presumptive device under Section 139 of the Act helps shifting the burden on the accused. The effect of the presumption, in that sense, is to transfer the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability. Until this evidential burden is discharged by the accused, the presumed fact will have to be taken to be true, without expecting the complainant to do anything further

40. The standard of proof to discharge this evidential burden is not as heavy as that usually seen in situations where the prosecution is required to prove the guilt of an accused. The accused is not expected to prove the non-existence of the presumed fact beyond reasonable doubt. The accused must meet the standard of preponderance of probabilities, similar to a defendant in a civil proceeding. [Rangappa vs. Mohan (AIR

2010 SC 1898]

41. In order to rebut the presumption and prove to the contrary, it is open to the accused to raise a probable defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. The words until the contrary is proved occurring in Section 139 do not mean that accused must necessarily prove the negative that the instrument is not issued in discharge of any debt/liability but the accused has the option to ask the Court to consider the non-existence of debt/liability so probable that a prudent man ought, under the circumstances of the case, to act upon the supposition that debt/liability did not exist. [Basalingappa Vs. Mudibasappa (AIR 2019 SC 1983) See also Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513]

42. In other words, the accused is left with two options. The first option-of proving that the debt/liability does not exist is to lead defence evidence and conclusively establish with certainty that the cheque was not issued in discharge of a debt/liability. The second option is to prove the non-existence of debt/liability by a preponderance of probabilities by referring to the particular circumstances of the case. The preponderance of probability in favour of the accused's case may be even fifty one to forty nine and arising out of the entire circumstances of the case, which includes: the complainant's version in the original complaint, the case in the legal/demand notice, complainant's case at the trial, as also the plea of the accused in the reply notice, his 313 statement or at the trial as to the circumstances under which the promissory note/cheque was executed. All of them can

raise a preponderance of probabilities justifying a finding that there was no debt/liability. [Kumar Exports and Sharma Carpets, (2009) 2 SCC 513]

43. The nature of evidence required to shift the evidential burden need not necessarily be direct evidence i.e., oral or documentary evidence or admissions made by the opposite party; it may comprise circumstantial evidence or presume- tion of law or fact.

44. The accused may adduce direct evidence to prove that the instrument was not issued in discharge of a debt/liability and, if he adduces acceptable evidence, the burden again shifts to the complainant. At the same time, the accused may also rely upon circumstantial evidence and, if the circumstances so relied upon are compelling the burden may likewise shift to the complainant. It is open for him to also rely upon presumptions of fact, for instance those mentioned in Section 114 and other sections of the Evidence Act. The burden of proof may shift by presumptions of law or fact. In Kundanlal's case (supra) when the creditor had failed to produce his account books, this Court raised a presumption of fact under Section 114, that the evidence, if produced would have shown the non-existence of consideration. Though, in that case, this Court was dealing with the presumptive clause in Section 118 NI Act, since the nature of the presumptive clauses in Section 118 and 139 is the same, the analogy can be extended and applied in the context of Section 139 as well.

45. Therefore, in fine, it can be said that once the accused adduces evidence to the satisfaction of the Court that on a preponderance of probabilities there exists

> no debt/liability in the manner pleaded in the complaint or the demand notice or the affidavit-evidence, the burden shifts to the complainant and the presumption 'disappears' and does not haunt the accused any longer. The onus having now shifted to the complainant, he will be obliged to prove the existence of a debt/liability as a matter of fact and his failure to prove would result in dismissal of his complaint case. Thereafter, the presumption under Section 139 does not again come to the complainant's rescue. Once both parties have adduced evidence, the Court has to consider the same and the burden of proof loses all its importance. [Basalingappa vs.Mudibasappa, AIR 2019 SSCC 1983 ; See also, Rangappa vs. Sri Mohan (2010) 11 SCC 441] ”

- **મુદ્દા નં.૧ :–**

(૨૧) સદરહુ કેસના કામે ફરિયાદી બેંક વતી ફરીયાદી બેન્કના અધિકૃત વ્યક્તિ **શ્રી આશિષ બહેતી** – ચીફ મેનેજર, યુકો બેન્કનાઓએ **આંક–૩** થી તેમનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે જેમાં તેમણે **આંક–૧** ની ફરિયાદમાં જણાવેલ વિગતો અને હકીકતનુ પુનરાવર્તન કરેલ છે તેમજ તેનુ સમર્થન પણ કરેલ છે.

ઉપરોક્ત સાહેદની આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા વિગતવાર અને વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રીએ ઉપરોક્ત સાહેદની ઉલટતપાસ દરમિયાન ફરિયાદીએ તેમની સરતપાસમાં જે હકીકતો જણાવેલ છે તેમજ જે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે તેનાથી વિરુધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં તેમજ તેને પુરવાર કરવામાં અને ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરવાનું ખંડન

કરવામાં બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, સદરહુ કેસના કામે ફરિયાદી તર્ફે રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો સદરહુ કેસના કામે રેકર્ડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં પણ બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.

(૨૨) સદરહુ કેસના કામે ફરિયાદીએ **આંક-૨૦** થી ફરિયાદવાળો ચેક અસલ રજૂ કરેલ છે, તે ચેકથી આ કામના આરોપીઓએ ફરિયાદીને તેમની કાયદેસરની લેણી રકમ પેટે ફરિયાદીને હાલની ફરિયાદવાળો ચેક આપેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. ફરિયાદવાળો ચેક તેમના ખાતાનો નથી તેવો આરોપીઓનો કોઈ કેસ નથી કે તેને પુરવાર કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, આરોપીઓએ ચેકની તારીખે તેમના ખાતામાં ચેકની રકમ પુરતુ બેલેન્સ હતુ તે દર્શાવતો કોઈ આધાર પુરાવો પણ આ કામે રજૂ કરેલ નથી કે તેને પુરવાર પણ કરેલ નથી.

(૨૩) ફરિયાદીએ **આંક-૨૧** થી આ કામના આરોપીઓ વતી **આરોપી નં. ૨** નાઓએ ફરિયાદીને આપેલ **આંક-૨૦** વાળો ફરિયાદવાળો ચેક રિટર્ન થયા અંગેનો રિટર્ન મેમો અસલ રજૂ કરેલ છે. આ રિટર્ન મેમાથી પણ આ કામના આરોપીઓ વતીથી **આરોપી નં. ૨** નાઓએ ફરિયાદીને આપેલ **આંક-૨૦** વાળો ફરિયાદવાળો ચેક **"Funds Insufficient"** ના કારણે પરત ફરેલ હોવાનું પુરવાર કરેલ છે.

(૨૪) ફરિયાદીએ **આંક-૨૨** થી આ કામના આરોપીઓને તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે મોકલાવેલ ડીમાન્ડ નોટીસ રજુ કરેલ છે. આંક-૨૨ વાળી ડીમાન્ડ નોટીસથી પણ આ કામના આરોપીઓએ ફરિયાદી પાસેથી **ઈક્વીપમેન્ટ્સ ખરીદ** કરવા માટે **રૂા. ૧૬,૮૦,૦૦,૦૦૦/-** ની લોન લીધેલ હોવાની અને તે લોનની રકમ આ કામના આરોપીઓએ નિયમિત રીતે **૫૭ માસિક** હપ્તાથી નિયમિત રીતે ભરપાઈ કરી આપવાની હોવાની અને આ કામના આરોપીઓએ લોનની રકમ નિયમિત રીતે ભરપાઈ કરવામાં કસુર

કરતા ફરિયાદી બેન્ક આરોપીઓ પાસે તેમની કાયદેસરની બાકી નિકળતી રકમ **<u>રૂા.૬,૦૭,૬૪,૦૫૮.૨૨</u>** ની માંગણી કરતાં આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૨ નાઓએ ફરિયાદી બેન્કને હાલની ફરિયાદવાળો ચેક આપેલ હોવાની અને જે ચેક તે ચેક ફરિયાદી બેન્કે તેમના ખાતામાં જમા કરાવતા તે ચેક **"<u>Funds Insufficient</u>"** ના શેરા સાથે પરત ફરેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. *<u>વધુમાં, આ કામના આરોપીઓએ ઉપરોક્ત **આંક-૨૨** વાળી ડિમાન્ડ નોટિસનો કોઈ જવાબ ફરિયાદીને કે તેમના વિદ્વાન વકીલશ્રીને આપેલ નથી કે તેઓ કોઈ દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજૂ કરેલ નથી જે બાબત ખુબજ અગત્યની અને નોંધપાત્ર છે. આરોપીઓએ આ વર્તુણૂક આરોપીઓ સામે વિરુધ્ધ અનુમાન કરવા માટે પુરતી છે.</u>*

<u>(૨૫)</u> ફરિયાદીએ **<u>આંક-૨૩</u>** થી આ કામના આરોપીઓને તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે રજીસ્ટરર્ડ પોસ્ટ એ.ડી. મારફતે મોકલાવેલ ડિમાન્ડ નોટિસની પોસ્ટ ખાતાની પાવતીઓ અસલ રજુ કરેલ છે અને **<u>આંક-૨૪</u>** થી આ કામના આરોપીઓને તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે મોકલાવેલ ડિમાન્ડ નોટિસ આ કામના આરોપીઓને મળી ગયા અંગે પોસ્ટ ખાતાના ઓનલાઈન ટ્રેકિંગ રિપોર્ટસ રજૂ કરેલ છે. ફરિયાદીએ **<u>આંક-૨૩</u>** અને **<u>આંક-૨૪</u>** થી જે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે તેનાથી ફરિયાદીએ આરોપીઓને તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે ડિમાન્ડ નોટિસ આરોપીઓને રજિસ્ટર પોસ્ટ એ.ડી. મારફતે મોકલ્યા અંગેની અને તે ડિમાન્ડ નોટિસ આરોપીઓને મળી ગયા અંગેની હકીકત સંપૂર્ણપણે પુરવાર કરેલ છે. ફરિયાદીએ તેમના વિદ્વાન વકીલ શ્રી મારફતે આરોપીઓને મોકલાવેલ **<u>આંક-૨૨</u>** વાળી ડિમાન્ડ નોટિસ તેમને મળેલ નથી તેવી આરોપીઓ તર્ફે કોઈ તકરાર નથી તેમજ ફરિયાદીની ઉલટતપાસ દરમિયાન પણ બચાવપક્ષ દ્વારા આવી કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી.

<u>(૨૬)</u> આ કામના આરોપીઓએ ફરિયાદીની ઉલટતપાસ દરમિયાન

આ કામના **આરોપી નં. ૨ અને ૩** નાઓએ **આરોપી નં. ૧** ના શું થાય છે તેવી વિગતો જણાવેલી નથી તેમજ **આંક–૨૨** વાળી નોટિસમાં **આરોપી નં. ૨ અને ૩** નાઓ **આરોપી નં. ૧** કંપનીના ડાયરેક્ટર્સ હોવાની હકીકત જણાવેલ નથી તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે, પરંતુ આ કામના આરોપીઓએ ફરિયાદીની **આંક–૨૨** વાળી નોટિસ તેમને મળી જવા છતાં તે નોટિસ અંગે આરોપીઓએ ફરિયાદીને કોઈ જવાબ આપેલ નથી કે તે અંગેનો દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજૂ કરેલ નથી. આમ, આરોપીઓએ ફરિયાદીની કાયદેસરની ડિમાન્ડ નોટિસ અંગે તેમનો જવાબ રજૂ કરેલ ન હોય આરોપીઓએ ડિમાન્ડ નોટિસમાં જણાવેલ હકીકતોને કબુલ રાખેલ છે.

(૨૭) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત *S.P.Mani And Mohan Dairy Vs. Snehalatha Elangovan – reported as AIR 2022 SC 4883* ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે :–

નામદાર સર્વોચ્ચ અદાલતે *S.P.Mani And Mohan Dairy Vs. Snehalatha Elangovan (Supra)* ના કેસમાં પેરા–૪૪ અને ૪૫ માં પ્રસ્થાપિત કરેલ છે કે,

> " 44. We may also examine this appeal from a different angle. *It is not in dispute, as noted above, that no reply was given by the respondent to the statutory notice served upon her by the appellant. In the proceedings of thr present type, it is essential for the person to whom statutory notice is issued under Section 138 of the NI Act to give an appropriate reply. The person concerned is expected to clarify his or her stance. If the person concerned material to establish that he or she has no role to play in the affairs of the company/firm, then such material should be highlighted in the reply to*

> *the notice as a foundation. If any such foundation is laid, the picture would be more clear before the eyes of the complaint. The complainant would come to know as to why the person to whom he has issued notice says that he is not responsible for the dishonour of the chequep Had the respondent herein given appropriate reply highlighting whatever she has sought to highlight before us then probably the complainant would have undertaken further enquiry and would have tried to find out what was the legal status of the firm on the date of the commission of the offence and what was the status of the respondent in the firm. The object of notice before the filing of the complaint is not just to give a chance to the drewer of the cheque to rectify his omission to make his stance clear so far as his liability under section 138 of the NI Act is concerned.*
>
> 45. *once the necessary averments are made in the statutory notice issued by the complainant in regard to the vicarious liability of the partners and upon receipt of such notice, if the partner keeps quiet and does not say anything in reply to the same, then the complainant has all the reasons to believe that what he has stated in the notice has been accepted by the noticee. Such circumstances what more is expected of the complainant to say in the complaint."*

(૨૮) આ કામના આરોપીઓએ ફરિયાદીએ રજૂ કરેલ પુરાવાનું ખંડન કરવા માટે કોઈ મૌખિક અગર તો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદીએ રજૂ કરેલ પુરાવાઓનું ખંડન કરવા માટે આરોપીઓએ આધારભૂત પ્રોબેબલ ડિફેન્સ કેસના કામે લાવવો જરૂરી છે તો જ તેમનો પુરાવાનો બોજો ડિસ્ચાર્જ થઈ શકે. પરંતુ આરોપીઓ તેમનો પુરાવાનો બોજો ડિસ્ચાર્જ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે.

<u>(૨૯)</u> આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે <u>*Rangappa Vs. Sri Mohan – reported as AIR 2010 SC 1898*</u>, <u>*Bir Singh Vs. Mukesh Kumar – reported as AIR 2019 SC 2446*</u>, <u>*T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan – reported as AIR 2018 SC 3601*</u> અને <u>*Kishan Rao Vs. Shankargouda – reported as 2018 (0) AIJEL-SC 62414*</u> ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

<u>(૩૦)</u> નામદાર સર્વોચ્ચ અદાલતે <u>*Rangappa Vs. Sri Mohan – (Supra)*</u> ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતની ત્રણ જજીસની બેંચે Krishna Janardhan Bhat Vs. Dattatraya G. Hegde (Supra) ના ચુકાદાના પેરા નં. ૨૯ થી ૩૨, ૩૪ અને ૩૫ માં નામદાર સુપ્રીમ કોર્ટે જે નિરીક્ષણ કરેલ છે સાચું ન હોવાનું ઠરાવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતની ત્રણ જજીસની બેંચે <u>*Rangappa Vs. Sri Mohan – (Supra)*</u> ના કેસમાં ઠરાવેલ છે કે:–

> " <u>*The presumption mandated by S. 139 of the Act does indeed include the existence of legally enforceable debt or liability.*</u> This is of Course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise adefence where in the existence of a legally enforceble debt or liability can be constested. However there can be no doubt that <u>*there is an initial presumption which favours the complainant. S. 139 of the Act is an example of a reverse onus clause that has been included in furthernace of the legislative objective of improving the credibility of negotiable instruments.*</u> While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation.

However, it must be remembered that the offence made punushable by S. 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transaction. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused / defendant cannot be ecpected to discharge an unduly high standard or proof. In the absence of compelling justifications, reverse onus clauses usually impose anevidebtiary burden and not a presuasive burden. Keeping this in view, *it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities'.* Therefore, if the accused is able to raise a probable defence which creates doughts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. The accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

(Para14)

Observations in Para 29-૩2, 34, 35 in decision reported in (2008) 4 SCC 54, not correct."

(૩૧) નામદાર સર્વોચ્ચ અદાલતે *Bir Singh Vs. Mukesh Kumar (Supra)* ના કેસમાં પેરા નં. ૨૩, ૩૬, ૩૭ અને ૩૮માં ઠરાવેલ છે કે :–

" 23. Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instruments Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of

evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact as held in Hiten P. Dalal (supra).

36. *The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debtor liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.*

37. *A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20 87 and 139, makes it amply clear that a person who signs a cheque and make sit over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had beenissued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 13 would be attracted.*

38. *If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence."*

(૩૨) વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે *T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan (Supra)* ના કેસમાં પેરા–૮ અને ૯ માં પ્રસ્થાપિત

કરેલ છે કે,

"8. We have heard Senior Counsel for both parties, and perused the record. *Under Section 139 of the N.I. Act, once a cheque has been signed and issued in favour of the holder, there is statutory presumption that it is issued in discharge of a legally enforceable debt or liability. This presumption is a rebuttable one, if the issuer of the cheque is able to discharge the burden that it was issued for some other purpose like security for a loan. In the present case, the respondent has failed to produce any credible evidence to rebut the statutory presumption.* This would be evident from the following circumstances:-

(i) The respondent-accused issued a Pronote for the amount covered by the cheques, which clearly states that it was being issued for a loan;

(ii) The fence of the respondent that he had allegedly issued 10 blank cheques in 1995 for repayment of a loan, has been disbelieved both by the Trial Court and Sessions Court, on the ground that the respondent did not ask for return of the cheques for a period of seven years from 1995. This defence was obviously a cover-up, and lacked credibility, and hence was rightly discarded.

(iii) The letter dated 09.11.2002 was addressed by the respondent after he had issued two cheques on 07.08.2002 for Rs.37,00,000/- and Rs.14,00,000 knowing fully well that he did not have sufficient funds in his account. The letter dated 09.11.2002 was an after-thought, and was written to evade liability. This defence also lacked credibility, as the appellants had never asked for return of the alleged cheques for seven years.

(iv) The defence of the respondent that the Pronote dated 07.08.2002 signed by him, was allegedly filled by one vahesh-DW.2, an employee of N.R.R. Finances, was rejected as being false.

> DW.2 himself admitted in his cross-examination, that he did not file any document to prove that he was employed in N.R.R. Finances. On the contrary, the appellants complainants produced PW.2 and PW.4, Directors of N.R.R. Finances Investment Pvt. Ltd., and PW.3, a Member of N.R.R. Chit funds, who deposed that DW.2 was never employed in N.R.R. Finances.
> 9. *The Apellants have proved their case by overwhelming evidence to establish that the two cheques were issued towards the discharge of an existing liability and legally enforceable debt.* The respondent having admitted that the cheques and Pronote were signed by him, the presumption under S.139 would operate. The respondent failed to rebut the presumption by adducing any cogent or credible evidence. Hence, his defence is rejected."

(૩૩) આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે *Kishan Rao Vs. Shankargouda – reported as 2018 (0) AIJEL-SC 62414* ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે *Kishan Rao Vs. Shankargouda – (Supra)* ના કેસમાં નીચે મુજબ ઠરાવેલ છે:–

> “17. Section 139 of the Act, 1881 provides for drawing the presumption in favour of holder. Section 139 is to the following effect: "139.Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."
> 18. This Court in Kumar Exports vs. Sharma Carpets, 2009 (2) SCC 513, had considered the provisions of Negotiable Instruments Act as well

Evidence Act. Referring to Section 139, this Court laid down following... paragraphs 14, 15, 18 and 19: "

14. Section 139 of the Act provides that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

15. Presumptions are devices by use of which the courts are enabled and entitled to pronounce on an issue notwithstanding that there is no evidence or insufficient evidence. Under the Evidence Act all presumptions must come under one or the other class of the three classes mentioned in the Act, namely, (1) "may presume" (rebuttable), (2) "shall presume" (rebuttable), and (3) "conclusive The presumptions" (irrebuttable). "presumption" is used to designate an inference, affirmative or disaffirmative of the existence of a fact, conveniently called the "presumed fact" drawn by a judicial tribunal, by a process ess of probable reasoning from some matter of fact, either judicially noticed or admitted or established by legal evidence to the satisfaction of the tribunal. Presumption literally means "taking as true without examination or proof".

18. Applying the definition of the word "proved" in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The

presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party for whose benefit it exists. 19. The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contra. y is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebut table. When a presumption is rebut table, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over."

19. This Court held that the accused may adduce evidence to rebut the presumption, but mere denial regarding existence of debt shall not serve any purpose. Following was held in paragraph 20: "

20....The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probables has to be brought on record for getting the burden of proof

> shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist...""

(૩૪) આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે *Rajesh Jain Versus Ajay Singh 2023 (0) AIJEL-SC 72588, S.P. Mani And Mohan Dairy Vs. Snehalatha Elangovan (Supra), Rangappa Vs. Sri Mohan – (Supra), kishan Rao Vs. Shankargouda – (Supra), Bir Singh Vs. Mukesh Kumar -(Supra)* અને *T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan – (Supra)* ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા તથા સદરહુ કેસના કામે પક્ષકારો તરફથી રજૂ થયેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતા આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ−૧૩૮, ૧૪૧ મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદી સફળ નિવડેલ છે. વધુમાં, હાલના કેસની સમગ્ર હકીકત અને હાલના કેસના સંજોગો અને હાલના કેસમાં ફરિયાદી તર્ફે રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ વિગતો અને હકીકતોને પુરવાર કરેલ હોઈ અને ફરિયાદીએ રજૂ કરેલ પુરાવાઓનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો રજૂ કરવામાં કે તેને પુરવાર કરવામાં કે કોઈ આધારભૂત પ્રોસેસ ડીફેન્સ હાલના કેસના રેકર્ડ ઉપર લાવવામાં તેમજ તેમનો પુરાવાનો બોજો ડિસ્ચાર્જ કરવામાં આરોપી સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે. ઉપરના એકંદર સંજોગોમાં મુદ્દા નં. ૧ નો જવાબ '**હકારમા**' આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબ હુકમ પસાર કરવામાં આવે છે.

// **FINAL ORDER** //

- આ કામના આરોપીઓ (૧) કોમેટ ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રા. લિ., રહે. એ-૧૩૦૧ મોન્ડીલ હાઈટ્સ, એસ.જી. હાઈવે, મુ. અમદાવાદ, (૨) શૈવલ સુનિલ પરીખ, રહે. ૨૦, પ્રવીણકુંજ નવજીવન, એલિસબ્રિજ, મુ. અમદાવાદ અને (૩) શૈલ રાહુલભાઈ પરીખ, રહે. ૯, તીર્થ બંગલોઝ, વાસણા, મુ. અમદાવાદનાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮, ૧૪૧ મુજબના ગુન્હા અન્વયે કસુરવાર ઠરાવવામાં આવે છે.

- આ કામના આરોપીઓ (૨) શૈવલ સુનિલ પરીખ, રહે. ૨૦, પ્રવીણકુંજ નવજીવન, એલિસબ્રિજ, મુ. અમદાવાદ અને (૩) શૈલ રાહુલભાઈ પરીખ, રહે. ૯, તીર્થ બંગલોઝ, વાસણા, મુ. અમદાવાદનાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮, ૧૪૧ મુજબના ગુન્હા અન્વયે બે વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૪,૧૨,૬૩,૧૬૬/- અંકે રૂપિયા ચાર કરોડ બાર લાખ ત્રેસઠ હજાર એક્સો છાસઠ પુરા નો દંડનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓએ ઉપરોક્ત ગુન્હા અંગેની દંડની કુલ રકમ રૂા.૪,૧૨,૬૩,૧૬૬/- અંકે રૂપિયા ચાર કરોડ બાર લાખ ત્રેસઠ હજાર એક્સો છાસઠ માંથી રૂા.૨,૧૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે કરોડ દસ લાખ પુરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૯૫ હેઠળ કોમ્પેનસેશન (વળતર) તરીકે ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

- જો આરોપીઓ ઉપરોક્ત દંડની અગર તો વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો તેવી કસુર બદલ આરોપી નં.૨ અને ૩ નાઓને દરેકને વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં

આવે છે.

- જો દંડ અગર તો વળતરની રકમ બાબતે કસુર થાય તો કસુર સામેની સજાનો અમલ મુખ્ય સજા વીત્યા બાદ શરૂ થયેલો ગણાવાનો રહેશે.

- આ કામના આરોપીઓને તથા તેમના વિદ્વાન વકીલ શ્રી ને આરોપીઓને કોર્ટ સમક્ષ પ્રત્યક્ષ રીતે હાજર રહેવાની તેમજ રાખવાની સુચના આપવામાં આવેલ હોવા છતાં આ કામના આરોપીઓ કોર્ટ સમક્ષ ગેરહાજર રહેલ હોઈ અને આજરોજ પણ આ કામના આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ જાણી જોઈને અને ઈરાદાપૂર્વક હાજર રહેલ ન હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટે *Sharad Jethalal Savla Vs. State of Gujarat and Ors. - reported as 2017 eGLR HC 10006044* ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લઈ આ કામના આરોપી નં.૨ અને ૩ સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૫૮(૨) સાથે કલમ–૭૨ની જોગવાઈ વંચાણે લેતા બિનજામીનપાત્ર ધરપકડ વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર રહેલ ન હોય તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૦૪(૧) મુજબ વિના મુલ્યે આપવામાં આવતી ચુકાદાની ડીઝીટલ સહીવાળી નકલ હાલના ક્રિમિનલ કેસના રેકર્ડમાં સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીઓને બિનજામીનપાત્ર ધરપકડ વોરન્ટ અન્વયે ધરપકડ કરી તેમને અત્રેની કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યેથી તેમને ચુકાદાની ડીઝીટલ સહીવાળી નકલ વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓએ સદરહુ કેસના કામે જો અગાઉ કોઈ સજા

ભોગવેલ હોય તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૨૩મી** માહે **માર્ચ,** સને–**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 23/03/2026 16:45:13 IST.

Date :- 23-03-2026
Place :- Ahmedabad

(**C.G.DESAI**)
31st Additional Chief Judicial Magistrate,
SARAS N.I. Court No. 1,
CJM Courts,
Ahmedabad City
Code No. GJ 01211

Dictated on : 18-03-2026
Transcribed on : 20-03-2026
Checked on : 23-03-2026
Digitally Signed on : 23-03-2026